‘ગણપતિ બાપ્પા મોરિયા’ના નાદ સાથે નવલખી કૃત્રિમ તળાવ ખાતે ભક્તિભાવપૂર્વક વિસર્જન શરૂ

# વડોદરામાં દોઢ દિવસના શ્રીજીનું વિસર્જન

**પર્યાવરણની જાળવણી સાથે** ભક્તોએ ભારે હૈયે વિઘ્નહર્તાને આગામી વર્ષે વહેલા આવવાનું નિમંત્રણ આપ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં ગણેશોત્સવના પાવન પર્વ વચ્ચે દોઢ દિવસના ગણેશ સ્થાપન બાદ આજે શ્રદ્ધાળુઓ દ્વારા ભારે હૈયે અને ધાર્મિક વિધિ-વિધાન સાથે શ્રીજીને વિદાય આપવામાં આવી રહી છે. ‘બાપ્પા’ની સેવા-આરાધના કર્યા બાદ આજે સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાંથી વિસર્જન યાત્રાઓનો પ્રારંભ થયો છે. પર્યાવરણની જાળવણી અને જળ પ્રદૂષણ અટકાવવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાસ કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં નવલખી મેદાન સ્થિત કૃત્રિમ તળાવ ખાતે ઉત્સાહભેર વિસર્જન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ પ્રસંગે પાલિકા તંત્ર દ્વારા નવલખી કૃત્રિમ તળાવ ખાતે શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી તૈયારીઓ અગાઉથી જ પૂર્ણ કરી દેવામાં આવી હતી. તળાવના કિનારે ક્રેન, તરવૈયા, પૂરતો પ્રકાશ અને કંટ્રોલ રૂમ સહિતની વ્યવસ્થા સુચારૂ રૂપે કાર્યરત કરવામાં આવી છે, જેથી વિસર્જનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પાર પાડી શકાય. પોલીસ તંત્ર દ્વારા પણ નવલખી વિસ્તારમાં કડક બંદોબસ્ત ગોઠવીને ટ્રાફિક વ્યવસ્થાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. સિદ્ધિવિનાયકની મૂર્તિઓનું વિસર્જન કરવા પહોંચેલા ભક્તોના મુખે એક જ સાદ સંભળાઈ રહ્યો હતો. શ્રદ્ધાળુઓ દ્વારા ‘ગણપતિ બાપ્પા મોરિયા, આવતા વર્ષે તું જલ્દી આવ’ના વિજય ઘોષ સાથે વાજતે-ગાજતે શ્રીજીની પ્રતિમાઓને જળમગ્ન કરવામાં આવી હતી. અબિલ-ગુલાલની ઉછામણ અને ઢોલ-નગારાના તાલે ભક્તો નાચી ઉઠ્યા હતા. આર્થિક અને ધાર્મિક મહત્વ ધરાવતા આ પર્વમાં નાગરિકોએ મહાનગરપાલિકાના પર્યાવરણલક્ષી અભિગમને સાથ આપતા કૃત્રિમ તળાવમાં જ મૂર્તિઓનું વિસર્જન કરીને એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.







## એકદંતાય શુદ્ધાય સુમુખાય નમો નમઃ પ્રપન્ન જનપાલાય પ્રણતાર્તિ વિનાશિને

**અર્થ-** જેને એક દાંત છે, સુંદર મુખ છે, તેમને નમસ્કાર છે. જેઓ શરણમાં આવેલા લોકોનું રક્ષણ કરે છે અને પ્રાણીઓનાં દુઃખોને દૂર કરે છે, તેમને નમન કરું છું.



શ્રીજી બાળ યુવક મંડળ ભાથુજી ચોક, કિશનવાડી



વિક્રમ સુર્વે પરિવાર, શાસ્ત્રી પોળ કોઠી



હેપ્પી ક્લબ ચેરીટેબલ ટ્રસ્ટ ઓપી રોડ, વડોદરા



શ્રી ક્રિષ્ણા યુવા યુવક મંડળ, હુજરાત ટેકરા



જોષી પરિવાર દાંડિયા બજાર બ્રહ્મપુરી



છીપવાડ



શ્રી સિદ્ધિવિનાયક સાર્વજનિક યુવક મંડળ, સંવાદ ક્વાર્ટર્સ, હરણી



અભય પ્રતિક તલાટી,વારસીયા રિંગ રોડ



પાર્થ જીનગર - સનસિટી માંજલપુર



પ્રશાંત ઉત્તેકર, કિશનવાડી

### ગણેશજીના સ્વરૂપનું મહત્વ

ગણેશજીના શરીરના વિવિધ અંગો પાછળ પણ પ્રતીકાત્મક અર્થ રહેલો છે. તેમના મોટા કાન આપણને વધુ સાંભળવાની અને ઓછું બોલવાની શીખ આપે છે. નાની આંખો એકાગ્રતા અને ધ્યાનનું પ્રતીક છે. લાંબી સૂંઢ પરિસ્થિતિ અનુસાર પોતાને ઢાળવાની ક્ષમતા દર્શાવે છે.ગણેશજીનું મોટું પેટ દરેક સારી-નરસી વાતને પચાવી જવાની અને જીવનમાં આવતી પરિસ્થિતિઓને ધીરજપૂર્વક સ્વીકારવાની ભાવના દર્શાવે છે. એકદંત સ્વરૂપ એકાગ્રતા અને દ્રઢતાનું પ્રતીક માનવામાં આવે છે. આ રીતે ગણેશજીનું સમગ્ર સ્વરૂપ માનવજીવન માટે અનેક સંદેશો આપે છે. તેમની ઉપાસના માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ જીવનને યોગ્ય દિશા આપતી એક આધ્યાત્મિક પરંપરા છે.ગણેશજીની આરાધના અને શુભ કાર્ય ગણેશજીની પૂજા-આરાધના કરતી વખતે શ્રદ્ધા અને ભાવનાનું વિશેષ મહત્વ છે. ભક્તિપૂર્વક કરવામાં આવેલી પૂજાથી મનને શાંતિ મળે છે અને સકારાત્મક વિચારશક્તિ વધે છે. **ઘનશ્યામભાઈ ઠક્કર, ગાયત્રી ઉપાસક**

બ્રિજ પર ઠેર ઠેર ગાબડા અને સળિયા બહાર, સાઈડ ફેન્સિંગ ગાયબ

# બાજવા બ્રિજ બિસમાર હાલતમાં, વાહનચાલકોનો જીવ જોખમમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરના બાજવા વિસ્તારમાં કરોડોના ખર્ચે બનેલા ઓવરબ્રિજની હાલત અત્યંત ખરાબ થઈ જતા વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. બ્રિજની સપાટી પર પડેલા મસમોટા ગાબડા અને બહાર દેખાતા સળિયા અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા મુજબ, બ્રિજ પરથી પસાર થતી વખતે વાહનોને ભારે ઉછળાટનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે ગાબડા અને ખુલ્લા સળિયા જીવલેણ સાબિત થઈ શકે છે. દિવસે માંડ બચાવ થાય છે, રાત્રે તો જોખમ બેવડાઈ જાય છે. આટલું જ નહીં, બ્રિજના ઉતરાણ તરફ વાહનોની સુરક્ષા માટે મુકવામાં આવેલી સાઈડ પ્રોટેક્શન ફેન્સિંગ પણ કેટલીક જગ્યાએ તૂટેલી અને ગાયબ હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો છે. સાથે જ દિશા સૂચવતા સાઈન બોર્ડ પણ તૂટેલા હાલતમાં જોવા મળે છે અને બ્રિજની આસપાસ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. કરોડોના ખર્ચે બનેલા બ્રિજના બાંધકામની ગુણવત્તા અને સમયસર મેન્ટેનન્સ ન થતા આ હાલત થઈ હોવાનું લોકો જણાવી રહ્યા છે. કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા તંત્ર દ્વારા તાત્કાલિક નિરીક્ષણ કરી રિપેરીંગ કામ હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકો અને વાહનચાલકોની માંગ છે.



ઘરમાં ઘૂસી ઘરવખરીની તોડફોડ આચરી હતી

# માંજલપુરમાં જૂની અદાવતે આતંક મચાવનાર ત્રણ ઝબ્બે

માંજલપુરના અલવાનાકા વિસ્તારમાં જૂની બોલાચાલીની અદાવતે ત્રણ શખ્સોએ મહિલાના ઘરમાં ઘૂસી ગાળાગાળી અને મારામારી કરી હતી. આટલેથી ન અટકતા માથાભારે અને અસામાજિક તત્વોએ ઘરની બહાર પાર્ક કરેલી રિક્ષા સહિત વાહનોમાં ડંડા મારી તોડફોડ કરી હતી અને મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. માંજલપુર પોલીસની ટીમે ગણતરીના સમયમાં ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. માંજલપુરના કબીરધામનગર-કોતરતલાવડી વિસ્તારમાં રહેતા મધુબેન ચંદુભાઈ માળી સાંજના સમયે ઘરે હાજર હતા. દરમિયાન પ્રદીપ અંબાલાલ ચાવડા (ગોહિલ), ધર્મેશભાઈ પાંડુરંગ મોરે અને હિતેન ઉર્ફે ટીપુ રામાભાઈ ચાવડા તેમના ઘરે આવી પહોંચ્યા હતા. ત્રણેયે અગાઉની બોલાચાલીની અદાવત રાખી મધુબેન સાથે બોલાચાલી શરૂ કરી હતી. આરોપીઓએ મહિલા સાથે મારામારી કર્યા બાદ ત્રણેય શખ્સોએ ઘરની બહાર પાર્ક કરેલી રિક્ષા તથા અન્ય વાહનોમાં ડંડા મારી કાચ સહિતના ભાગોમાં નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.



**પ્રદીપ-હિતેન ચાવડાનો ગુનાહિત ઈતિહાસ**

પોલીસે ગણતરીના સમયમાં પ્રદીપ ચાવડા, ધર્મેશ મોરે અને હિતેન ઉર્ફે ટીપુ ચાવડાને ઝડપી પાડી પોલીસ સ્ટેશન ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં પ્રદીપ ચાવડા અને હિતેન ચાવડાનો અગાઉનો ગુનાહિત ઇતિહાસ હોવાનું પણ સામે આવ્યું છે.

## હું કિશનવાડીનો ડોન છું તેમ કહી યુવકને ધમકી, રિક્ષાનો કાચ તોડી નાખ્યો

વડોદરા : કિશનવાડી કુડાના મકાન વિસ્તારમાં રહેતા અને ગોરવા ખાતે અલ્ટ્રાટેક કંપનીમાં હેલ્પર તરીકે નોકરી કરતા કિરણભાઈ ગોહિલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.13 સપ્ટેમ્બરે તેમનો ભાણિયો પૃથ્વી પઢિયાર કાલાવતી હોસ્પિટલ સામે આવેલા સલૂનમાં વાળ કપાવવા ગયો હતો. ત્યારે નીતિન રાજપૂતે ‘હું કિશનવાડીનો ડોન છું, મારી સાથે આંખ નહીં મિલાવવી’ કહી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પૃથ્વીએ મામાને જાણ કરતાં કિરણભાઈ તેને લઈને સલૂન પહોંચ્યા, પરંતુ નીતિન ત્યાંથી ભાગી ગયો હતો. તેનો મિત્ર સન્ની બાબલાએ બંનેને કૃત્રિમ તળાવ પાસે બોલાવ્યા હતા. ત્યાં સન્નીએ કિરણભાઈને પણ ગાળો આપી ધમકી આપી રિક્ષાનો કાચ તોડી નાખ્યો હતો. લોકો ભેગા થતાં બંને શખ્સો ભાગી ગયા હતા. પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

વડોદરાના વિસ્તારોમાંથી પસાર થતાં પહેલાં વીમો ઉતરાવી લેજો!

# ચકલી સર્કલથી નટુભાઈ સર્કલ જતો મુખ્ય માર્ગ બન્યો અત્યંત બિસમાર

**અકસ્માત અને** ટ્રાફિક જામની ગંભીર સમસ્યા વચ્ચે વાહનચાલકો હેરાન-પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા તા.15

શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને મેઘરાજાની ધબધબાટી બાદ શહેરના અનેક મુખ્ય રોડ-રસ્તાઓનું ધોવાણ થઈ ગયું છે. ખાસ કરીને શહેરના અતિ ધમધમતા અને મુખ્ય એવા ચકલી સર્કલથી નટુભાઈ સર્કલ તરફ જવાના માર્ગ પર વરસાદના કારણે ઠેર-ઠેર મસમોટા ખાડા પડી જતાં આ રસ્તો અત્યંત બિસ્માર અને ભયજનક બની ગયો છે.

આ માર્ગ પરથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે અહીંથી નીકળવું એ જીવના જોખમ સમાન બની ગયું છે.



**ખાડોદરાના વાહનચાલકોમાં ભારે રોષ !**

સ્થિતિ એટલી ગંભીર છે કે વાહનચાલકો રમૂજમાં અને આક્રોશ સાથે એવું પણ કહી રહ્યા છે કે આ રસ્તા પરથી પસાર થતાં પહેલાં લોકોએ પોતપોતાનો વીમો લેવડાવી લેવો પડે તેવી નોબત આવી છે.રોડ પર પડેલા મોટા ખાડાઓના કારણે અવારનવાર વાહનચાલકો અટવાઈ રહ્યા છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો ખાડામાં વાહન ખાબકતાં સ્લિપ થઈને નીચે પડી રહ્યા છે, જેના કારણે અનેક ચાલકોને નાના-મોટા અકસ્માતમાં શારીરિક ઈજાઓ પણ પહોંચી રહી છે. આ ઉપરાંત ખાડાઓમાંથી વાહનો ધીમે-ધીમે પસાર થતાં હોવાથી આ આખા માર્ગ પર સતત ટ્રાફિક જામની ગંભીર સમસ્યાઓ પણ સર્જાઈ રહી છે.વરસાદ વિરામ લીધા બાદ પણ હજુ સુધી સ્થાનિક તંત્ર દ્વારા આ રોડનું સમારકામ હાથ ધરવામાં આવ્યું નથી, જેને લઈને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વડોદરામાં રસ્તાઓની નબળી ગુણવત્તા છતી થઈ

# સુસેન સર્કલ અને ડેરી ત્રણ રસ્તા પર વાહનો પટકાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં તાજેતરમાં પડેલા મધ્યમ અને ધીમી ગતિના વરસાદે જ વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતા રોડ-રસ્તાના કામોની ગુણવત્તાની પોલ છતી કરી દીધી છે. ભારે ધોધમાર વરસાદ વરસે ત્યારે જ રસ્તાઓ ધોવાઈ જાય તેવું નથી, પરંતુ સામાન્ય અને ધીમી ગતિએ પડેલા વરસાદમાં પણ શહેરના મુખ્ય માર્ગો બિસ્માર બની જતાં કોન્ટ્રાક્ટરો અને તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વિશેષ કરીને મકરપુરાથી ડેરી તરફ જતા અત્યંત વ્યસ્ત માર્ગ પર વાહનચાલકોની સ્થિતિ દયનીય બની ગઈ છે. આ માર્ગ પર આવેલા સુસેન સર્કલ, ડેરી ત્રણ રસ્તા તેમજ ભવન સ્કૂલની આસપાસના વિસ્તારોમાં રોડ પર મસમોટા ખાડાઓ પડી ગયા છે. આ ખાડાઓના કારણે દરરોજ અહીંથી પસાર થતા હજારો વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



**ટ્રાફિક જામની સમસ્યા**

પીક અવર્સ દરમિયાન આ ખાડાઓના લીધે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે, તો બીજી તરફ રસ્તા પરથી પસાર થતી વખતે વાહનો ખાડામાં પટકાવાના અનેક બનાવો સામે આવી રહ્યા છે, જેનાથી વાહનોને પણ મોટું નુકસાન પહોંચી રહ્યું છે.સ્થાનિક વાહનચાલકો અને રહીશોમાં આ અંગે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાહનચાલકોનું સ્પષ્ટ કહેવું છે કે રસ્તાઓ પર પડેલા આ ઊંડા ખાડાઓ અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છે.

કરોડો રૂપિયાના આંધણ બાદ પણ વડોદરા જળબંબાકાર

# સતત ત્રીજા દિવસે મેઘાવી માહોલ વચ્ચે મનપાની કામગીરી સામે રોષ

**કલાકો સુધી** પાણી ન ઓસરતાં વાહનચાલકો અને રહીશો બેહાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા અને સમગ્ર જિલ્લામાં છેલ્લા બે થી ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ જામ્યો છે. શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમિયાન એક ઈંચથી લઈને ત્રણ ઈંચ જેટલો ખાબકેલા વરસાદને કારણે સમગ્ર વિસ્તાર જળબંબાકાર થઈ ગયો છે.

શહેરમાં માત્ર બે થી ત્રણ ઈંચ જેટલા વરસાદમાં જ નીચાણવાળા અને મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જવાના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. કલાકો સુધી રસ્તાઓ પરથી પાણી ન ઓસરતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.



**છેલ્લા બે દાયકાથી પરિસ્થિતિ જૈસે**

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ભરાઈ ન રહે તે હેતુસર ડ્રેનેજ અને નવી વરસાદી કાંસની લાઈનો નાખવા પાછળ કરોડો રૂપિયાનો આંધણ કરવામાં આવ્યો હતો. આમ છતાં, સામાન્ય વરસાદમાં પણ શહેરની પરિસ્થિતિ જસ ની તસ જોવા મળી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ આજે પણ શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાઈ જવાની સ્થિતિ યથાવત રહેતા મહાનગરપાલિકાના પ્રિ-મોન્સૂન અને વિકાસ કામગીરીના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલા કામગીરી જરૂરી

# માંજલપુર અલવાનાકા પાસે ભૂવો પડ્યો, વાહનચાલકોના માથે જોખમ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા ગીચ ટ્રાફિક ધરાવતા માંજલપુરના અલવા નાકા પાસે મુખ્ય માર્ગ પર અચાનક એક મોટો ભુવો પડી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે ચિંતા અને અસંતોષની લાગણી ફેલાઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અલવા નાકા વિસ્તાર એ માંજલપુરનો અત્યંત વ્યસ્ત માર્ગ ગણાય છે, જ્યાંથી દિવસ-રાત નાના-મોટા અનેક વાહનોની સતત અવરજવર રહે છે. માર્ગની વચ્ચે જ અચાનક જમીન બેસી જવાથી મોટો અને ઊંડો ભુવો સર્જાયો છે. આ ભુવો એટલો ગંભીર છે કે ખાસ કરીને રાત્રિના સમયે અથવા તો ટ્રાફિકના ભારે ધસારા દરમિયાન કોઈ વાહનચાલક તેમાં ખાબકે તો મોટા અકસ્માતની પૂરેપૂરી શક્યતા ઊભી થઈ છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે આ ભુવો પ્રાણઘાતક સાબિત થઈ શકે તેમ છે. આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને વેપારીઓમાં તંત્રની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની માગણી છે કે મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ હોનારત સર્જાય તે પહેલાં તાત્કાલિક ધોરણે આ સ્થળે પહોંચીને સમગ્ર ભુવાની આસપાસ યોગ્ય બેરિકેડિંગ કરવામાં આવે, જેથી દૂરથી આવતા વાહનચાલકોને ભયનો અંદાજ આવી શકે. આ ઉપરાંત, માત્ર શોભાના ગાંઠિયા જેવા બેરિકેડ મૂકીને સંતોષ માનવાને બદલે વહેલી તકે આ ભુવાને યોગ્ય રીતે પૂરીને રસ્તાનું કાયમી સમારકામ હાથ ધરવામાં આવે તેવી ઉગ્ર માગ ઉઠી છે.



## ઠપકો આપ્યો હોવાની અદાવત રાખી ભાઈ પર હુમલો

વડોદરા :દોડકા ગામના રાવળ ફળિયામાં રહેતા હિતેશકુમાર મહિપતભાઈ રાવળ તા.13 સપ્ટેમ્બરની રાત્રે ગણપતિ આગમન જોવા માટે ગામના અંબાજી મંદિર પાસે ગયા હતા. દરમિયાન મયુર ઉર્ફે ભાણો અશોકભાઈ પરમાર અને સંગીતભાઈ મોહનભાઈ રાઠોડ ત્યાં આવ્યા હતા. હિતેશે અગાઉ તા.7 સપ્ટેમ્બરના રોજ પોતાની બહેન સામે ખરાબ નજર નહીં રાખવા બાબતે બંનેને ઠપકો આપ્યો હતો. આ બાબતની અદાવત રાખી બંનેએ હિતેશ સાથે ઝઘડો કરી ગાળો આપી હતી. ઝઘડા દરમિયાન મયુરે હિતેશના નાકના ભાગે લોખંડનું કડું માર્યું હતું, જ્યારે સંગીતે લાકડાના ડંડાથી માર માર્યો હતો. હુમલામાં હિતેશને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ગયા હોવાથી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હિતેશની ફરિયાદના આધારે ભાદરવા પોલીસે બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.